**<u>ક્રિ.પ.અ.નં.૬૯૧૩/૨૦૨૬.</u>**

**<u>ખોખરા પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૩૨૪૦૩૬૬/૨૦૨૪ (ફોજદારી કેસ નં.૩૦૫૧૩૭/૨૦૨૫) ના કામના આરોપી હિતેશભાઇ ઉર્ફે પ્રકાશ ઉર્ફે બળેલો મથુરભાઇ પુશાભાઇ પરમાર નાઓની જામીન અરજી લગત હુકમ.</u>**

(૧) જામીન અરજી વંચાણે લીધી. કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈના પ્રબંધો ધ્યાને લીધા. આરોપીને પકડ વોરંટ વોરંટના આધારે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આ કામે આરોપી પક્ષે વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આરોપીને પકડ વોરંટના આધારે પકડીને લાવેલ છે, આરોપીને ફરીયાદી સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે અને ના.કોર્ટમાં હાજર રહી કેસ પતાવવાની ખબર પડેલ નહી તેથી આરોપી હાજર રહેલ નહી અને દર મુદતે હાજર રહેશે, આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તૈયાર, રાજી અને ખુશ છે. જેથી, આરોપીને યોગ્ય રકમના જામીન પર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ હાલની જામીન અરજી ઉપર આરોપીને પકડ વોરંટથી પકડીને લાવ્યા છે જેથી જામીન આપવા સામે વાંધો છે તેવો શેરો કરી તથા દલીલમાં આરોપ સામે ગંભીર ગુનાના આક્ષેપો છે અને આરોપીનો ગુનામાં સીધો અને પ્રથમ દર્શનિય રોલ હોય ગુનાની ગંભીરતા ધ્યાને લઇ આરોપીની જામીન નામંજુર કરવા રજૂઆત કરેલ છે.

(૪) બંને પક્ષે કરવામાં આવેલ રજુઆતો જોતાં આ કામના આરોપી સામે ખોખરા પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૩૨૪૦૩૬૬/૨૦૨૪ ધી બી.એન.એસ. કલમ ૧૨૪(૧), ૧૨૭(૨), ૧૪૨, ૧૪૦(૩), ૩૦૯(૪), ૩૦૯(૬), ૩૫૧(૨), ૩૫૧(૩), ૧૧૫(૨), ૫૪ મુજબની ફરિયાદ નોંધાયેલ છે. જે કામે તપાસ પુર્ણ થઇ ચાર્જશીટ થઇ ગયેલ છે. એફ.આઇ.આર., કેસ રેકર્ડ તથા પોલીસ પેપર્સ વંચાણે લેતાં આરોપીનો સદર કામે રોલ હોય તેવા પ્રથમદર્શનીય આક્ષેપો અને પુરાવા હોવાનું ફલીત થાય

છે. આરોપી સામે નોંધાયેલ ગુનો સેશન્સ ટ્રાયેબલ છે અને આક્ષેપીત કલમો પૈકી ધી બી.એન.એસ.એકટની કલમ ૧૨૪(૧) માં આજીવન કેદ સુધીની સજાની જોગવાઇ કરવામાં આવેલી છે, તે લક્ષમાં લેતાં તેમજ ગુનાની ગંભીરતા અને કેસની હકીકતો ધ્યાને લેતાં આરોપીની તરફેણમાં મુનસફીની સત્તાઓ વાપરી આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોઇ હાલની જામીન અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:- હુકમ -:**

આરોપીની જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૯મી માહે જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૯-૦૬-૨૦૨૬**
**અમદાવાદ શહેર.**

**(હાર્દિક દિલીપભાઈ રાજપુરા)**
**ઉજમા એડિ. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં.૧૩) અમદાવાદ શહેર.**
**કોડ નં.[જીજે-૦૧૨૯૧]**